મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૮ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં શેરી ગરબાની જમાવટ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં નવલી નવરાત્રીનો માહોલ જામ્યો છે. ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમી માતાજીની આરાધના કરી રહ્યા છે. અત્યારે તો ચોતરફ ગરબાની ગુંજ વાતાવરણમાં સંભળાય છે. શકિત અને ભકિતના આ પર્વમાં ખૈલેયાઓએ પ્રથમ અને બીજા નોરતે રાસ-ગરબાની રમઝટ બોલાવી છે. ગ્રાઉન્ડમાં છવાઈ જવા માટે ખૈલેયાઓ અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમી રહ્યા છે. ત્યારે શહેરમાં સંસ્થાકીય નવરાત્રીના ભવ્ય મોટા માહોલ વચ્ચે પણ શેરી ગરબાની બોલબાલા યથાવત રહેવા પામી છે. જેમાં સેકટર- ૩, સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર તેમજ સેકટર-૭ શિવશકિત મંદિર તેમજ સેકટર-૫ બી મહાકાળી મંદિરના ચાચર ચોકમાં ભકતો સંગીતના તાલે ગરબે ઘુમી નવરાત્રી પર્વની ભાવપૂર્ણ માહોલમાં ઉજવણી કરી રહ્યા છે. ત્યારે આજે વાત કરી એ સેકટર-૫ બી મહાકાળી મંદિરના ગરબાની.. આ વર્ષે ગાંધીનગરના શેરી ગરબા સે-૫ બી ના શેરી ગરબાના આયોજકોએ પાર્ટી પ્લોટના માહોલથી પણ ચડીયાતું વાતાવરણ ઉભુ કર્યું છે. માતાજીના ચાચર ચોકમાં ૮ થી ૧૨ કલાક દરમિયાન નાના બાળકથી માંડીને વડીલો પણ લાઈનમાં શિસ્તબધ્ધ રીતે ગરબે ઘુમતા નજરે પડે છે. જયારે આ ગરબા સ્થળે ગુજરાતના લોક લાડીલા ફિલ્મી કલાકારો અને સુપ્રસિધ્ધ ગાયક કલાકારો આવતા ગરબા પ્રેમીઓમાં અનેરો ઉત્સાહમાં જોવા મળે છે. સે-૫ બી માં પ્રથમ નોરતે રાકેશ બારોટે ગરબાની રમઝટ બોલાવી હતી તો બીજીતરફ કલાકાર રોહિત ઠાકોર ઉપસ્થિત રહીને ખૈલેયાઓને ગરબાના ઉત્સાહમાં વધારો થયો હતો. જયારે બીજા નોરતે વિક્રમ ઠાકોર અને શિલ્પા ઠાકોરના સ્વરે સેકટરની શેરીઓ ગુંજી ઉઠી હતી અને ગરબામાં હકડેઠઠ ભીડ જામી હતી. જયારે સે-૫ બી મહાકાળી માતાજીના ગરબા ગ્રાઉન્ડમાં પાર્કીંગ અને સ્વચ્છતા પર વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. જયારે માતાજીના ચાચરચોકને ડેકોરેશન દ્વારા સુશોભિત કરવામાં આવતા રોશનીથી ઝળહળી ઉઠે છે. જયારે મોકળાશ ધરાવતા મેદાનમાં ખૈલેયાઓ મનમુકીને ગરબાના તાલે ઝુમી માતાજીની ભકિતમાં તલ્લીન બન્યા છે. સેકટરના સ્વયંસેવકો સલામતીની પણ ખાસ તકેદારી રાખી રહ્યા છે. શેરી ગરબાનું સમગ્ર આયોજન પ્રેમલસિંહ ગોલ, રમેશભાઈ રાવલ, ઘનશ્યામસિંહ, અમિતભાઈ પટેલ, ભાવેશભાઈ તેમજ સેકટર-૫ બીના વડીલો અને યુવાનો દ્વારા કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના સેકટર-૪-બી અને સેકટર-૪-ડી ખાતે શેરી ગરબાનું પરંપરાગત રીતે આયોજન કરાયું છે. જેમાં નાના ભૂલકાંથી માંડીને યુવાનો, વડિલો સહિત તમામ રહીશો ભકિતભાવપૂર્વક માતાજીના ગરબા રમી આરાધના કરે છે.

@ગાંધીનગર

● કલ્ચરલ ફોરમ દ્વારા ચોથા નોરતે દર્શના ગાંધી અને રિશિન સરૈયા ૭.૩૦ કલાકે ગરબાની રમઝટ બોલાવશે.

● શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સે-૫ ખાતે શેરી ગરબા યોજાશે જેમાં સાવન રાવલ અને તેજલ રાણા દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૧ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર ગરબા રાત્રે ૮ કલાકે યોજાશે.

● સે-૭ શિવ શકિત નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા વર્ષાબેન પંડયા, ભરતભાઈ બારોટ દ્વારા રાસ ગરબાની રમઝટ સે-૭-સી શિવશકિત મંદિર ચોક ખાતે બોલાવાશે.

● સે-૩ ન્યુ નવરાત્રી સમિતિ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આર.કે. ગ્રુપ દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૨ શોપીંગ સેન્ટર ખાતે માતાજીના ચાચર ચોકમાં સુરમધુર મ્યુઝીકલ ગ્રૂપ દ્વારા ગરબાની રમઝટ રાત્રે ૮ કલાકે જામશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આસો સુદ ચોથના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન નર્મદાબેન એચ. પરમાર પ્લોટ નં. ૩૪૪/૨, સે-૩-બી ખાતે આનંદનો ગરબો યોજાશે.

● સે-૨૬ કિસાનગર વસાહત નવરાત્રી મહોત્સવ ખાતે જુગલબંધી ઓરકેસ્ટ્રાના પ્રકાશ રાઠોડ દ્વારા રાસ ગરબાની જમાવટ થશે.

● ગાંધીનગર રેશનલ સમાજની જનરલ સભા સાંજે ૫ કલાકે બ્લોક નં. ૬૧/૧ ઘ ટાઈપ, સે-૨૩ ખાતે મળશે.

નિસર્ગ ખાતે જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાનું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આ સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તારીખ ૯-૧૦-૧૮ના રોજ સાયન્સ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે નિવૃત્ત નાયબ વન સંરક્ષક હેમંત સુથાર, જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકર, નિવૃત્ત વિજ્ઞાન શિક્ષક ચંદુભાઈ પટેલ, નિવૃત્ત ઉપસચિવ વસંત પટેલ, નિવૃત્ત વિજ્ઞાન શિક્ષક હર્ષદ રાવલ નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને બાલ વિજ્ઞાન કોંગ્રેસ સ્પર્ધાના નિયમો અને વિવિધ વિષયો આધારીત પ્રોજેકટ કઈ રીતે રજુ કરી શકાય તેની ઉંડાણપૂર્વક માહિતી આપી હતી.

હેમંતભાઈ સુથારે વિદ્યાર્થીઓને તેમણે કરેલા સંશોધનની માહિતી સચોટ રીતે રજુ કરી શકાય તેની ચર્ચા કરી હતી તેમજ વિવિધ પેટા વિષયોમાં પણ રસપ્રદ પ્રોજેકટ કરી શકાય તેની માહિતી આપી હતી.

આ સ્પર્ધાના મુખ્ય વિષય 'સ્વચ્છ હરિયાળા અને સ્વસ્થ રાષ્ટ્ર માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવિનીકરણ' રાખવામાં આવ્યો છે અને તેના પાંચ જેટલા પેટા વિષયો આધારિત પ્રોજેકટ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. ગાંધીનગરની જુદી જુદી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ૩૬ જેટલા પ્રોજેકટ વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા જેમાં કુલ ૧૦ શાળાઓના પ્રોજેકટ રાજયકક્ષાની બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા માટે ગાંધીનગર જિલ્લામાંથી પસંદગી પામ્યા છે.

પસંદ કરાયેલા પ્રોજેકટમાં કન્યા વિનય મંદિર-સંસ્કાર તીર્થ આજોલ તા. માણસા, શ્રીમતી એમ.બી. પટેલ કન્યા વિદ્યાલય સે-૨૩, સરકારી પ્રાથમિક શાળા-બોરીજ, એસ.જી. ઈંગ્લીશ મિડીયમ સ્કુલ સે-૨૩, શ્રીમતી આર.જી. પટેલ કન્યા વિદ્યાલય સે-૨૩, સ્વસ્તિક હાયર સેકન્ડરી સ્કુલ-મોટેરા, કન્યા વિનય મંદિર-સંસ્કાર તીર્થ-આજોલ, જયોતિ વિદ્યાલય-રિદ્રોલ તા. માણસા, નિસર્ગ સાયન્સ સેન્ટર-સાયન્સ કલબ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર-રાયસણનો સમાવેશ થાય છે.

વિજેતા વિદ્યાર્થીઓને તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના સમગ્ર આયોજનમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

ડભોડા-ચિલોડા ચોકડી પર જીપ ચાલકે વિજપોલ તોડી નાંખ્યો

ગાંધીનગર, તા. ૧૨

ચિલોડા-દહેગામ રોડ પર વાહનોની સંખ્યા વધતા અકસ્માતોની વણથંભી વણઝાર જોવા મળી રહી છે. આ માર્ગ પર ચિલોડાથી દહેગામ જતો માર્ગ તેમજ ચિલોડા -ડભોડા માર્ગ પર ડભોડા ચોકડી પાસે સર્કલના અભાવે અનેક વાહન ચાલકો સ્ટેયરીંગ પર કાબુ ગુમાવતા અવારનવાર વાહનો પલ્ટી ખાતા અકસ્માત સર્જાય છે. ત્યારે ડભોડા ચોકડી પર ગુરૂવારના રોજ સાંજે ચિલોડાથી દહેગામ જતી બોલેરો જીપ ડભોડા ચોકથી પસાર થઈ રહી હતી તે સમયે બોલેરો ગાડી નં જીજે ૧કે એફ-૩૭૬૮ ના ચાલકે અચાનક સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા લોખંડના વિજપોલે અથડાઈ હતી. જેને પગલે વિજપોલ તુટી જઈ જમીનદોસ્ત થઈ ગયો હતો. બોલેરો ગાડીની ટક્કર જોરદાર હોવાથી થાંભલો વળી ગયો હતો અને વિજવાયર તુટી જતા ભારે નુકશાન થવા પામ્યું હતું. આ ચાર રસ્તા પર ડભોડાના રીક્ષા ચાલકો વિજ થાંભલાની બાજુમાં પાર્કીંગ કરી બેસતા હોય છે. પરંતુ સદ્નસીબે કોઈ રીક્ષા ચાલક હાજર ન હોવાથી મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ હતી. અકસ્માતને પગલે આ માર્ગ પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા.જયારે સ્થાનિક નાગરીકોમાં ડભોડા ચોકડી પર સર્કલ બનાવવા ભારે માંગ ઉઠી છે.

ગાંધીનગરના પ્રશ્નોની સંયુકત રજુઆત કરો : કેશરીસિંહ બિહોલા

ગાંધીનગર શહેરમાં વધતા જતા વાયુ પ્રદુષણ અંગે બૌધ્ધિક જીવીઓ ચિંતાતુર છે. નગરવાસીઓએ મહિનાના દર બીજા રવિવારે સાયકલનો ઉપયોગ કરવા અપીલ કરી છે.

બૌધ્ધિક જીવી સંસ્થાના પદાધિકારીઓએ કોર્ટના દ્વાર ખખડાવી સરકાર પાસે દબાણ કરાવીને બળજબરીથી મહાનગર પાલિકાની રચના કરાવી પરીણામે નગરવાસીઓ ઉપર મોટા કરવેરા ભરવાની નોબત આવી છે. ગાંધીનગરના નાગરિકો અને વેપારીઓમાં ભારે આક્રોશ છે. ગુજરાતના મોટા ગીચ શહેરોમાં પ્રદુષણ અંગે ચિંતા કરી નગરવાસીઓને મહિનાના દર બીજા રવિવારે સાયકલનો ઉપયોગ કરવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખ, કુંદનલાલ પટેલ, ડાહ્યાભાઈ પટેલ, બીપીનભાઈ જાની, રામેશ્વર લોટ, નરેશભાઈ પરમાર, હરિસિંહ રાઠોડ, ગિરીશભાઈ પટેલ તેમજ પોપટલાલ પ્રજાપતિએ સંયુકત અપીલ કરી છે.

નારાયણી કલબની ગરબા રાત્રિમાં ખેલૈયાઓ ઝુમ્યા

ગાંધીનગર, તા.૧૨

નારાયણી કલબ ગુજરાત પ્રવાસન માન્ય એમઓયુ પૈકીનું એકમ છે. જ્યાં હોટલ, વેડીંગ લક્ષ્યસ્થાન, કોર્પોરેટ કલ્ચર તથા વિશાળ કલબની સુવિધાઓ ઉપલબ્ધ છે. જેના કલબ સભ્યો તથા આમંત્રિત ખેલૈયાઓ માટે અદભૂત ગરબા રાત્રિનું આયોજન કરવામાં આવ્યું હતું. નારાયણી ટીમે વિશેષ પ્રકારની પરંપરાગત થીમવાળા શણગારથી પંડાલ બનાવ્યો હતો. ખેલૈયાઓએ ગુજરાતના ભાતીગળ પરંપરાગત પોષાકો ઘાઘરાચોલી તથા કેડિયા તથા નવીનતમ ડિઝાઈનવાળા આભૂષણો પહેરીને સિમ્ફની ઑરકેસ્ટ્રાના તાલે ઝૂમીને નવરાત્રિનો આનંદ માણ્યો હતો. આશરે એક લાખ સ્કવેયર ફુટ વિસ્તારમાં પથરાયેલ અત્યંત મુલાયમ ઘાસમાં આયોજન ગરબાનો જુસ્સો અને ખેલૈયાઓનો ઉત્સાહ અલૌકીક અનુભુતિ કરાવતો હતો. ગરબા, રાસ તથા દાંડીયાની સાથે સાથે નારાયણીમાં આવેલ બીજી સુવિધાઓનો પણ મન મૂકીને આનંદ માણ્યો હતો.

નારાયણી કલબમાં આવેલ અન્ય આકર્ષણો જેમ કે, ખાઉગલી, ફૂડકોર્ટ, ખાસ તૈયાર કરાયેલ માતાજીનો ગઝેલો, ફોટો કોર્નર, તાત્કાલીક ફોટોગ્રાફી એરેના, પરંપરાગત બંગડીઓ તથા ચૂડા લગાવવાનો કાફ્ટ સ્ટોલ શેરી ગરબા સંગીત, ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી એકંદરે નારાયણી કલબે તેના સભ્યો તથા આમંત્રિતોને ગરબાનો આનંદ માણવા માટે એક અદભૂત તથા યાદગાર સાંજનું આયોજન કર્યું હતું.



ફેકલ્ટી ઓફ એજયુકેશનના તાલીમાર્થીઓએ ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજ સે-૨૩ ગાંધીનગરની કોલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા. ૧૦-૧૦-૧૮ના રોજ અમદાવાદમાં આવેલ ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી.

સદર મુલાકાત તાલીમાર્થીઓને ગાંધીજીની જીવન શૈલી તેમજે તેમના કાર્યોનો પરિચય મળી રહે તે હેતુથી કરવામાં આવી હતી. ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત દરમિયાન ત્યાંની બી.એડ. કોલેજની પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહ્યા હતા.જે દરમિયાન ગાંધીવિચાર શૈલીવાળી પ્રાર્થનાનો ખ્યાલ તાલીમાર્થીઓને સ્પષ્ટ થયો હતો. પ્રાર્થના સભામાં ડૉ. લાલજીભાઈ પટેલે વિદ્યાપીઠ દ્વારા વિદ્યાર્થીઓને કરાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યોની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ વિજ્ઞાન કેન્દ્રમાં સાયન્સના વિવિધ પ્રયોગો નિહાળ્યા હતા. શ્રી મોરારજી દેસાઈ મ્યુઝીયમ, આદિવાસી સંશોધન અને પ્રશિક્ષણ સંસ્થાની મુલાકાત ઉપરાંત વિદ્યાપીઠના ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનું આયોજન પ્રા. અજયભાઈ રાવલ અને ડૉ. વિભાબેન દ્વિવેદીએ કર્યું હતું.

નવરાત્રિનો માહોલ પૂરબહારમાં જામી ચુકયો છે અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ નવરાત્રિની ઉજવણીના આયોજન કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર નજીકની બાપુ કોલેજ ખાતે બાપુ નોવા ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગરના ધ્રુવ શાહ વિજેતા બન્યા હતા.

આજે ડૉ. વિદ્યુત જોશીનું વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ખાતે દર ત્રણ માસે યોજાતી પ્રા. શ્રી તખ્તસિંહજી પરમાર (ગુરુજી-ભાવનગર) વ્યાખ્યાન શ્રેણીના છઠ્ઠા વ્યાખ્યાનું આયોજન તા. ૧૩મી ઓકટોબરના રોજ શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ બ્લોક નં. ૧૪૬/૪,ચ ટાઈપ, સે-૧૭ના પટાંગણમાં સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. પ્રખર લેખક વકતા અને સમાજશાસ્ત્રી ડૉ. વિદ્યુત જોષી 'ગુજરાતનો સમાજ વ્યવસ્થા પડકારો અને ઉપાયો' વિષય પર વ્યાખ્યાન આપશે તેમ મહેન્દ્રભાઈ ત્રિવેદી, વસંતભાઈ ગઢવી તથા અશોકસિંહ પરમારે જણાવેલ છે.

ચિરવિદાય

- સ્વ. શારદાબેન કાન્તીલાલ સોની, ઉ.વ. ૮૦
- સ્વ. વીરાજી ભેમાજી ભીલ, ઉ.વ. ૭૦

સૃષ્ટિના સર્જક તેજોમય મા કૂષ્માંડાના ચોથા સ્વરૂપનું આજે પૂજન

અષ્ઠ ભૂજાધારી મા કૂષ્માંડાના તેજ અને પ્રકાશથી બ્રહ્માંડમાં ઉત્પન્ન થયેલી તેજસ્વીતા એ માતાજીની છાયા છે : આ દેવીને માલપૂઆનો પ્રસાદ ધરાવાય છે

ગાંધીનગર, તા.૧૨

જગત જનની મા જગદંબાના સ્મરણમાત્રથી શકિતનો સંચાર થાય છે જેમની પૂજા અર્ચનાથી મનોકામના સિધ્ધ થાય અને જેમની આરાધના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કરે છે તો આદ્યશકિતનું આ પર્વ પૌરાણિક ગ્રંથમાં પણ વિશેષ ઉલ્લેખ સાથે વર્ણવાયું છે. તેથી જ શ્રધ્ધાળુઓ વિશેષ કરીને આ પર્વમાં માતાજીના અનુષ્ઠાન, જપ, તપ અને વ્રત કરતાં હોય છે. નવરાત્રીના આજે ચોથા નોરતે સાધકો માતાજીના ચતુર્થ સ્વરૂપ મા કૂષ્માંડાનું પૂજન અર્ચન કરશે. રૂમઝુમ કરતી નવરાત્રી પસાર થઈ રહી છે ત્યારે ધાર્મિકતાના માહોલ વચ્ચે ગરબા રમવાનું પણ એટલું જ જોરશોરથી ચો તરફ થઈ રહ્યું છે જેથી હાલ નવ દિવસની નવરાત્રીઓ રંગીન ભાસી રહી છે.

મા ભગવતીના ચતુર્થ સ્વરૂપ માં કૂષ્માંડાનું નવરાત્રી પર્વમાં અનેક ગણું મહત્વ છે જેમાં સૃષ્ટિનું અસ્તિત્વ જ નહોતું ત્યારે આ દેવીએ બ્રહ્માંડની રચના કરી હતી. સમગ્ર જગત જેના ચરણોમાં છે તેવા માતાજીના મંદમંદ હાસ્યથી બ્રહ્માંડની ઉત્પત્તિ થવાના કારણથી તેઓ કૂષ્માંડા કહેવાયા છે તેથી જ આ માતાજી સૃષ્ટિ આદિસ્વરૂપા આદ્ય શકિતથી પણ પૂજાય છે. કૂષ્માંડા માતાજીનું નિવાસ સૂર્યમંડળના અંદરના લોકમાં છે અને ત્યાં નિવાસ કરવાની શકિત અને ક્ષમતા ફકત આ દેવી શકિતમાં જ છે. માતાજીની શરીરની કાંતિ અને પ્રભા સુર્યની સમાન અલૌકિક છે જેથી દૈવ્યશકિતના તેજ અને પ્રકાશથી બ્રહ્માંડની બધુ વસ્તુઓ અને પ્રાણીઓમાં રહેલી તેજસ્વીતા એ માતાજીની છાયા છે જેથી જ સૃષ્ટિની દશે દિશાઓ માતાજીના તેજ અને પ્રકાશથી ઝળહળી રહી છે.

આ માતાજીનું વર્ણન શાસ્ત્રોમાં જણાવાયું છે તે મુજબ કૂષ્માંડા મા આઠ ભૂજા ધારી છે. સાત હાથોમાં ક્રમશઃ કમંડલ, ધનુષ, બાણ, કમલપુષ્પ, અમૃતપૂર્ણ કળશ, ચંદ્ર તથા ગદા છે. જયારે આઠમા હાથમાં તમામ સિદ્ધીઓ અને નિધિયો પ્રદાન કરવાવાળી જપમાળા છે. માતાજી સિંહના વાહન ઉપર સવાર રહે છે આ પર્વ દરમિયાન માતાજીના આ સ્વરૂપના પૂજનથી ભકતોના તમામ રોગ, શોક દૂર થાય છે અને આયુષ્ય, યશ, બળ અને આરોગ્યમાં વૃધ્ધિ થાય છે. વધુમાં પ્રસાદ તરીકે માતાજીને માલપૂઆ ધરાવવાનો મહિમા છે જેનાથી સાધકની તમામ સમસ્યાઓ દૂર થતી હોય છે. માતાજીના પૂજન અર્ચનમાં પંચોરપચાર, દશોપચાર અને ષોડશોપચાર ધાર્મિક વિધિ પણ નવરાત્રી પર્વમાં થાય છે. અતિ પ્રસન્નતાથી માતાજી પોતાના આ પર્વમાં ચાચરચોકે ગરબા રમવા આવતા હોય છે જેથી માતાજીની સાથે ગરબા ઘુમવાની પરંપરા શરુ થઈ છે જે હાલ યુવાધનમાં અતિ લોકપ્રિય બની છે.